# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કૃત્રિમ બુદ્ધિમત્તા અંગેની ટાસ્કફોર્સની રચના કરી**
2. કૃષિ મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે ટેકાના ભાવે ચાલી રહેલી જણસોની ખરીદી અંગેની સમીક્ષા બેઠક યોજાઈ.
3. વલસાડ જિલ્લાના ગોરેગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તેના હસ્તકના સાત પેટા આરોગ્ય કેન્દ્રોની રાષ્ટ્રીય કક્ષાના પુરસ્કાર માટે પસંદગી
4. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ અમલેશ્વર ખાતે ૧૬ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા જેટકોના નવા સબસ્ટેશનનું લોકાર્પણ કર્યું.
5. ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની 14 બેઠકો માટે આજે મતદાન થયું. આવતીકાલે મતગણતરી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM – TASK FORCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કૃત્રિમ બુદ્ધિમત્તા અંગેની ટાસ્કફોર્સની રચના કરી છે. તાજેતરમાં સોમનાથમાં યોજાયેલી ચિંતન શિબિરમાં ટાસ્ક ફોર્સ રચવા માટે નિર્ણય જાહેર કરાયો હતો.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ આ ટાસ્ફોર્સના અધ્યક્ષ તરીકે તેમજ સભ્યસચિવ તરીકે ICT અને ઈ-ગવર્નન્સના નાયબ નિયામક સેવાઓ આપશે.

પ્રારંભિક તબક્કે એક વર્ષના સમયગાળા માટે રચાયેલા આ ટાસ્કફોર્સની વાર્ષિક સમીક્ષા કરાશે.

--------------------

## RAGHAVJI PATEL

કૃષિ મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે ટેકાના ભાવે ચાલી  રહેલી જણસોની ખરીદી અંગેની સમીક્ષા બેઠક યોજાઈ. આ બેઠકમાં તેમણે અધિકારીઓ સાથે ચર્ચા કરી ટેકાના ભાવે થતી ખરીદીની વિગતો મેળવી.. તેમજ ધીમી ચાલી રહેલી મગફળીની ખરીદી બાબતે અધિકારીઓ સાથે કરી ચર્ચા-વિચારણા કરી..

દરમિયાન જામનગરના  હાપા માર્કેટ યાર્ડમાં છેલ્લા થોડા સમયથી વિવિધ જણસીઓની ભારે આવક થઇ રહી છે. જેમાં આજે ડુંગળીની ભારે આવક થઇ છે.

ગઇકાલથી જ ખેડૂતો ડુંગળી ભરેલ વાહનો લઈ હાપા યાર્ડ પહોંચ્યા હતાં. ૨૨૫ જેટલા વાહનો ડુંગળી સાથે ખેડૂતો યાર્ડમાં આવ્યા હતાં. ૧૫ હજાર જેટલી ગુણીની આવકથી યાર્ડ ડુંગળીથી ઉભરાયું હતું. યાર્ડના ઇતિહાસમાં સૌપ્રથમ વખત ડુંગળીની આટલી આવકથી નવી જાહેરાત ન થાય ત્યાં સુધી ડુંગળીની આવક બંધ કરાઇ હતી.

આ અંગે હાપા માર્કેટીંગ યાર્ડના ચેરમેન મુકુંદ સભાયા વધુ માહિતી આપે છે..

**(બાઇટ- મુકુંદ સભાયા, હાપા માર્કેટીંગ યાર્ડના ચેરમેન)**

--------------

## VALSAD – AROGYA KENDRA

વલસાડ જિલ્લામાં પ્રથમવાર ગોરેગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિત તેના હસ્તકના સાત પેટા આરોગ્ય કેન્દ્રો રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા છે.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે વલસાડ જિલ્લાના ગોરેગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તેમના 7 પેટા આરોગ્ય કેન્દ્રો પાલણ, તીઘરા, વાઘલપુરા, સોનવાડા, કુંડી, ધનોરી, કેવાડાને નેશનલ ક્વોલીટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ એક્રિડીટેશનનું રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

વલસાડના અમારા પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે ગોરેગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને તેના પેટા આરોગ્ય કેન્દ્રોના દર્દીઓના અભિપ્રાય મેળવ્યા બાદ અને તેમની સારી કામગીરી બદલ આ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા છે.

--------------

## BHARUCH - KANUBHAI DESAI

નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ભરૂચ જિલ્લાના અમલેશ્વર ખાતે ૧૬ કરોડ ૬૬ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા જેટકોના નવા ૬૬ કે.વી. સબસ્ટેશનનું લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે તેમણે કહ્યું કે વાયબ્રન્ટ ગુજરાત સમિટથી દેશ-વિદેશના અનેક રોકાણકારોએ ગુજરાતમાં રોકાણ કરવાનું પસંદ કરતા ગુજરાત સમગ્ર ભારતનું ગ્રોથ એન્જિન બની ગયું છે. સોલાર રૂફટોપમાં સમગ્ર ભારતની ૮૨ ટકા સોલાર રૂફટોપ ગુજરાતમાં લાગેલી છે.

આ સબસ્ટેશન ખેડૂતોને દિવસ દરમિયાન કૃષિ વીજ પુરવઠો પૂરો પાડવાના આશયથી નિર્માણ પામ્યું છે. તેના લોકાર્પણથી આજુબાજુના ૧૫ કિલોમીટર વિસ્તારમાં આવેલા કુલ ૧૭ ગામોના અંદાજે ૨૨ હજાર જેટલા લોકોને વિક્ષેપ-રહિત વીજળી પૂરતા દબાણથી પૂરી પાડવામાં આવશે.

--------------

## UNJA APMC ELECTION

ઊંઝા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ - એપીએમસીની ચૂંટણી માટે કુલ 14 બેઠકો પૈકી 10 બેઠકો ખેડૂત વિભાગની અને 4 બેઠકો વેપારી વિભાગ માટે કુલ 36 ઉમેદવારો માટે આજે મતદાન યોજાયું હતું.

જેમાં 10 ખેડૂત વિભાગમાં 20 ઉમેદવારો માટે 261 મતદારોમાંથી 258 મતદારોએ મતદાન કર્યું. જ્યારે વેપારી વિભાગમાં 4 બેઠકો માટે 16 ઉમેદવારો માટે 805 મતદારોમાંથી 782 મતદારોએ મતદાન કર્યું હતું.

આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવશે.

--------------

## MKKNY

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત 2017થી અત્યાર સુધી 21 હજાર વિદ્યાર્થીઓને તબીબી ક્ષેત્રે કારકીર્દી બનાવવા માટે 620 કરોડ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

### (વોઇસકાસ્ટ – અજય ઇન્દ્રેકર)

*રાજ્યની દિકરીઓને શ્રેષ્ઠ તબીબી શિક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના - MKKNY શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ છ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થીનીઓને ધોરણ 12 પછી MBBS માં પ્રવેશ મેળવે છે, તેમને રાજ્ય સરકાર અભ્યાસ માટે 4 લાખ રૂપિયાની સહાય આપે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીનીએ NEET દ્વારા MBBS માં પ્રવેશ મેળવેલો હોવો જોઇએ.*

*આ યોજનાથી રાજ્યની "વ્હાઇટ કોટ મહિલા વોરિયર્સ" સફળતાપૂર્વક તેમના ડોક્ટર બનવાના સપનાંને સાકાર કરી રહી છે.*

*અજય ઇન્દ્રેકર ... સમાચાર વિભાગ... અમદાવાદ*

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

...................................

## PORBANDAR - MARKETING YARD

પોરબંદરના માર્કેટિંગ યાર્ડ ખાતે હાલ ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે, ત્યારે આજથી મગ, અડદ અને સોયાબિનની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી.

યાર્ડમાં પોરબંદર અને રાણાવાવ તાલુકાના ખેડૂતો દ્વારા ખેત પેદાશોની ખરીદી કરવામા આવી હતી. આ અંગે નાફેડના કર્મચારી વિજયભાઇ કુછડિયાએ વધુ માહિતી આપી.

(બાઈટ - વિજયભાઈ કુછડીયા - નાફેડ કર્મચારી)

--------------

## PURUSHOTTAM UPADHYAY – SMRUTI YATRA

ગુજરાતી કાવ્ય સંગીતના ચિરંજીવ સ્વર પુરુષ પદ્મશ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાયનું ૯૦ વર્ષની વયે નિધન થયું હતું. તેમની જીવન સંગીત યાત્રા અને વારસાને વધાવવા માટે આજે સાંજે અમદાવાદમાં સ્મૃતિ સભા ચાલી રહી છે.

"ને તમે યાદ આવ્યા" ના શિર્ષક હેઠળ આયોજીત આ સ્મૃતિ સભામાં ગુજરાતી કાવ્ય સંગીતના ગાયક કલાકારો આરતી મુનશી, કલ્યાણી કૌઠાળકર, જ્હાનવી શ્રીમાનકર, અમર ભટ્ટ, નયન પંચોલી, શ્યામલ-સૌમીલ મુનશી પુરૂષોત્તમ ઉપાધ્યાયના કેટલાક સ્વરાંકનોની રજૂઆત કરી હતી. કવિશ્રી અંકિત ત્રિવેદી અને તુષાર શુક્લે તેમના સંસ્મરણોને વાગોળ્યા હતા.

--------------

## LKHATAR NA RAJVI NU NIDHAN

લખતરના રાજવી અને પૂર્વ ધારાસભ્ય બલભદ્રસિંહજી ઝાલાનું આજે ૯૬ વર્ષની વયે નિધન થયું છે. રાજમહેલ ખાતે તેમના પાર્થિવ દેહને દર્શન માટે મુકાયો હતો. ત્યાં તેમના શ્રદ્ધાસુમન અર્પણ  કર્યા હતા. રાજવીઓના મોક્ષધામ ખાતે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો હતો.

--------------

## BLIND PEOPLE- KHEL MAHAKUMBH 2025

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આગામી સમયમાં અંધજનો માટે ખાસ ખેલ મહાકુંભ યોજાશે. આ ખેલમહાકુંભમાં બોટાદ અને ભાવનગર જિલ્લાના સ્પર્ધકો માટેનું રજીસ્ટ્રેશન શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ખાતે કરવામાં આવશે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે વર્ષ ૧ થી ૧૮ અને ૧૯ થી ૪૫ વયજૂથ એમ બે વિભાગમાં સ્પર્ધાઓ યોજવામાં આવશે. ફોર્મની સાથે જરૂરી દસ્તાવેજો આગામી 10 જાન્યુઆરી 2025 સુધીમાં નિયત નમૂનાનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગત સાથે રૂબરૂ રજુ કરવાનું રહેશે.

--------------

## GIR SOMNATH - KHANIJ CHORI

ગીર ગઢડાના પતાપુર -કાંધી ગામેથી વહીવટીતંત્ર દ્વારા ખનીજ ચોરી પકડી પાડવામાં આવી છે. અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે રાવલ નદીમાંથી ખનીજ ચોરી કરતાં ૧ જેસીબી અને ૨ ટ્રેકટર મળી કુલ ૩૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મુદ્દામાલ મામલતદાર કચેરી ખાતે રાખવામાં આવ્યો છે. આ બાબતે આગળની કાર્યવાહી ખાણ ખનીજ વિભાગ કરી રહ્યું છે.

--------------